# :: પ્રેસનોટ ::

## ''સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી'' નિમિત્તે નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી'' નિમિત્તે તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ યોજાનાર નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા**

''સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી'' નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની નિબંધ સ્પર્ધા તથા બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ નિબંધ અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૧૬/૦૭/૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે પરત કરવાના રહેશે.

**સમાચારયાદી નં.૧૯૮, તા.૦૩/૦૭/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# તાપી નદીની જન્મજયંતિ ઉજવણી

# **સુરત મહાનગરપાલિકા**

## નિબંધ સ્પર્ધાનું પ્રવેશપત્ર

## (ધો.૯ થી ૧૨)

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદ્દેદારો કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર મોબાઈલ નંબર સહિત) :–

૩. **સ્પર્ધામાં ભાગ લેનારની વિગત**
**(એક શાળા દીઠ ધો.૯ થી ૧૨ના ૧૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના નામ મોકલવાના રહેશે.)**

| **ક્રમ** | **સ્પર્ધકોના નામ** | **ધોરણ** | **ક્રમ** | **સ્પર્ધકોના નામ** | **ધોરણ** |
|---|---|---|---|---|---|
| ૧ | | | ૬ | | |
| ૨ | | | ૭ | | |
| ૩ | | | ૮ | | |
| ૪ | | | ૯ | | |
| ૫ | | | ૧૦ | | |

નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે.

તા. /૦૭/૨૦૧૮.

............................................
આચાર્યશ્રીની સહી/સિક્કો.

# તાપી નદીની જન્મજયંતિ ઉજવણી
# સુરત મહાનગરપાલિકા
# નિબંધ સ્પર્ધાના નિયમો
## (ધો.૯ થી ૧૨)

"સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી" નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની નિબંધ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧) આ સ્પર્ધામાં સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ શાળાના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.

૨) નિબંધ સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.

૩) નિબંધનો વિષય સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.

૪) નિબંધ સ્પર્ધામાં સ્પર્ધકને ૨(બે) કલાકનો સમય આપવામાં આવશે.

૫) નિબંધમાં વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુદ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવાની રહેશે.

૬) ઓછામાં ઓછા દસ સ્પર્ધકો થશે તો જ સ્પર્ધા કરવામાં આવશે.

૭) સ્પર્ધામાં ભાગ લેવા માટે હરીફોએ મહાનગરપાલિકાના નકકી કરેલા પ્રવેશપત્રમાં જ અરજી કરવાની રહેશે.

૮) સ્પર્ધામાં ભાગ લેનાર હરીફોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિં. સુરત મહાનગરપાલિકા દ્વારા ફકત સપ્લીમેન્ટ્રી આપવામાં આવશે. કલીપબોર્ડ તથા અન્ય સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.

૯) સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિ.

૧૦) સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ :–** આ સ્પર્ધા ધો.૯ થી ૧૨ માટે રહેશે. ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૬/૦૭/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધાના તારીખ, સમય તથા અન્ય જાણકારી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245)નો સંપર્ક સાધવા વિનંતી. આ સ્પર્ધા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે યોજાશે. સ્પર્ધકે સવારે ૯.૩૦ કલાકે હાજર થવાનું રહેશે.

તાપી નદીની જન્મજયંતિ ઉજવણી

# સુરત મહાનગરપાલિકા

## માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું પ્રવેશપત્ર

(ખુલ્લો વિભાગ–૧૮ વર્ષથી ઉપર)

અરજદારનું નામ :–

અરજદારનું પુરુ સરનામુ :–
(ટે.નં. સહિત)

સ્પર્ધકની ઉંમર :– વર્ષ : માસ : દિવસ :

આ માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાના તમામ નિયમો મેં વાંચ્યા છે, અને તે તમામ મને બંધનકર્તા રહેશે.

તા. / /૨૦૧૮ ..................................................
સ્પર્ધકની સહી

..............................................................................................................................................

નિયમો :–

"સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી" નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧ આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ ૧૮ વર્ષથી ઉપરના શહેરીજનો ભાગ લઈ શકશે.

૨ સુરત મહાનગરપાલિકા તરફથી ૨૦ × ૩૦ ઈંચ સાઈઝની માઉન્ટીંગ પેપર સીટ આપવામાં આવશે. ચિત્રકામ માટેના જરૂરી સાધનો, રંગો, સ્પર્ધકે સ્વખર્ચે લાવવાના રહેશે.

૩ સ્પર્ધકોને ૩.૦૦ કલાકનો સમય આપવામાં આવશે.

૪ ચિત્ર નીચેના વિષયો પૈકી કોઈ એક વિષય પર રજુ કરવાનું રહેશે.
(૧) તાપી જળકુંભી પ્રદુષણ નાશ અભિયાન (૨) મારી કલ્પનાનું તાપી તટે સુરત
(૩) તાપી તટે તાપી નદીની પૂજા અર્ચના (૪) તાપી નદીમાં હોડી સ્પર્ધા

૫ સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

૬ નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે અને સ્પર્ધક દ્વારા આ અંગે કોઈપણ જાતનો વાદવિવાદ કે તરતકરાર ચલાવી લેવામાં આવશે નહિ.

૭ સ્પર્ધકે તૈયાર કરેલ કૃતિની માલિકી સુરત મહાનગરપાલિકાની રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ :–** આ સ્પર્ધા ખુલ્લો વિભાગ–૧૮ વર્ષથી ઉપરના શહેરીજનો માટે રહેશે. ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૬/૦૭/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધાના તારીખ, સમય તથા અન્ય જાણકારી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245)નો સંપર્ક સાધવા વિનંતી. આ સ્પર્ધા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે યોજાશે. સ્પર્ધકે સવારે ૧૧.૩૦ કલાકે હાજર થવાનું રહેશે.